Letter No: COS/0684/03/2026 Approved Date: 20-03-2026

**By E-Mail**

અગત્યનું

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ.

વિષય: Regarding Aadhaar-based BioMetric eKYC for all HoI (વર્ષ ૨૦૨૫-૨૬) બાબત.

સંદર્ભ: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૮૫૫-૫૬, તા.૦૭/૦૩/૨૦૨૬

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા શાળા/સંસ્થાના HoI (Head of Institute)નું Aadhaar-based Biometric eKYC કરવા સૂચનાઓ આપેલ છે.

હાલ રેશનકાર્ડના ડેટાબેઝ મારફત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તમામ વિદ્યાર્થીઓનું Aadhaar-based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે અને આ પધ્ધતિથી સંબંધિત તમામ શાળા/સંસ્થાના HoIનું પણ Aadhaar-based Biometric eKYC કરી શકાય છે. વધુમાં National Scholarship Portal પર સંબંધિત શાળા/સંસ્થાનું Aadhaar-based Biometric eKYC થયેલ હોય તો તે વિગતો મારફત પણ સંબંધિત શાળા/સંસ્થાના HoIનું Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. તમામ શાળા/સંસ્થાના HoI ના eKYC કરવા બાબતે અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા તેઓના હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા જિલ્લાની શાળા/સંસ્થાઓને સૂચનાઓ આપવામાં આવે જ છે પરંતુ તમામ શાળા/સંસ્થાના HoIના Aadhaar-based BioMetric eKYC થયેલ નથી.

શાળાઓ પોતાના લોગીનમાં "Student Register => Institute/School HoI Details" ઓપ્શનમાં જઈ તથા કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin => Institute/School HoI Details" ઓપ્શનમાં જઈ HoI Aadhaar-based BioMetric eKYCની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે અને જિલ્લા કચેરીની ઓથોરીટીના લોગીનમાંથી આ ફોર્મને નિયમોનુસાર મંજુર કરે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ શાળા/સંસ્થાના HoIi Aadhaar Based Biometric

3696 2373 2317

File No: COS/MIS/e-file/276/2025/1420/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

eKYC કરવાની સૂચનાઓ આપવામા આવેલ હોય તમામ આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલના પોતાના લોગીનમાંથી HoIનું Aadhaar-based BioMetric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ભરે તે બાબતે આપની કક્ષાએથી સંબંધિતોને સૂચના આપવા વિનંતી છે. જે શાળા/સંસ્થાઓના HoIનું eKYC થયેલ હોય તેવા જ શાળા/સંસ્થાઓના વિદ્યાર્થીની માહિતી કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને કેન્દ્ર ફાળાની શિષ્યવૃત્તિ ચુકવણા માટે મોકલી શકાતી હોય આ બાબતે અગ્રતા આપવા જણાવવામાં આવે છે.

સદર બાબતે આપના હસ્તકની જિલ્લાની તમામ સંબંધિત સંસ્થાના આચાર્યશ્રીઓને સૂચના આપવા તથા કામગીરી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં-૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

જા. નં........ 4817 ........................
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૨૫/ ૩ /૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી સારૂ.

બિડાણ: ઉક્ત પરિપત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત

Signature Not Verified
Signed by: Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2026.03.20 10:53:01 +5:30

File No: COS/MIS/e-file/276/2025/1420/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*